# શહેરમાં ગરમીનો આકરો મિજાજ

ગાંધીનગર તા ૩૧

શહેરમાં ગરમીનો આકરો મિજાજ આજે પણ નગરજનોએ અનુભવ્યો હતો. સતત છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૧ ડી ગ્રીએ જોવા મળે છે. આજે પણ મહત્તમ તાપમાન ૦.૨ ડી ગ્રીના અંશત : ઘટાડા સાથે ૪૧ ડી ગ્રીએ રહયુ હતુ. દિવસ દરમિયાન આકરી ગરમીના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત રહયુ હતુ. સતત ગરમીના લીધે નગરજનો બેબાકળા બન્યા છે.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. રાજયમાં હીટવેવના પ્રભાવથી જનજીવન આકુળવ્યાકુળ છે. ત્યારે પાટનગરમાં પણ ગરમીના તીખા તેવરના લીધે નગરજનો બેબાકળા બન્યા છે. ઉનાળાના પ્રારંભે જ ગરમીએ આકરો મિજાજ બતાવતા હજુ આગામી દિવસોમાં ગરમી વધુ આક્રમક બને તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞો વ્યકત કરી રહયા છે. ગરમીના લીધે શહેરીજનો દિવસ દરમિયાન ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. બપોરના સમયે શહેરના માર્ગો પર સુનકાર જોવા મળી રહયો છે. જયારે સાંજ ઢળતા જ શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડ જામે છે. રાત્રિના સમયે હરિયાળી લોનમાં ઠંડક અનુભવતા નગરજનો દિવસના અંતે ઉનાળુ રાત્રિની રોનક માંણે છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૦ ડી ગ્રીને પાર જોવા મળે છે.

આજે પણ ગરમીનો પારો અંશત : નીચે ઉતર્યો હતો. અલબત્ત ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૨ ડી ગ્રી નોંધાયુ હતુ જયારે આજે ૦.૨ ડી ગ્રીના ઘટાડા સાથે ગરમીનો પારો ૪૧ ડી ગ્રી એ રહયો હતો. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૦ ડી ગ્રીને પાર રહેતા નગરજનો ગરમીથી પરેશાન છે. સતત ગરમીના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત છે. આમ નાગરિકોની સાથે શ્રમિક પરિવારજનો પણ ગરમીથી બેહાલ છે. ખુલ્લામાં રહેતા શ્રમિક પરિવારોની હાલત ગરમીના લીધે દયાજનક બની છે. શહેરના સેકટરોમાં તરસ્યાની તરસ છીપાવવા માટે પાણીની પરબો પણ શરૂ કરી દેવાઈ છે. જયારે અબોલ પશુ પક્ષીઓ માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા પક્ષી પરબનુ પણ વિતરણ કરવામાં આવી રહયુ છે. ઉનાળાના પ્રારંભથી જ ગરમીએ આકરો મિજાજ દાખવતા નગરને આકરી ગરમીએ ગિરફતમાં લીધુ છે.



### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | તાપમાન (મહત્તમ) |
|---|---|
| અમદાવાદ | ૪૦.૮ |
| ડિસા | ૪૧ |
| ગાંધીનગર | ૪૧ |
| ઈડર | ૪૧ |
| વડોદરા | ૩૯.૬ |
| સુરત | ૩૨.૨ |
| અમરેલી | ૪૧ |
| ભાવનગર | ૩૭.૪ |
| પોરબંદર | ૩૫.૪ |
| રાજકોટ | ૪૧.૫ |
| સુરેન્દ્રનગર | ૪૨.૩ |
| ભુજ | ૩૯.૬ |
| નલિયા | ૩૬.૪ |
| કંડલા એરપોર્ટ | ૪૨.૭ |
| કંડલા પોર્ટ | ૩૮.૬ |
| મહુવા | ૩૪.૪ |
| દિવ | ૩૨.૨ |



## ડભોડા ખાતે ડભોડીયા હનુમાન જયંતિ મહોત્સવમાં માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર જિલ્લામાં મોખરાનુ સ્થાન ધરાવતુ શ્રી સ્વયંભુ ડભોડીયા હનુમાનજી દાદાનું આશરે ૧૦૦૦ વર્ષ કરતાં પ્રાચીન મંદિર આવેલુ છે. હનુમાનજી ભક્તોમાં શ્રદ્ધા અને આસ્થાના પ્રતિકસમાન દાદાના ધામમાં ચૈત્ર સુદ પુનમ હનુમાનજીનો જન્મ મહોત્સવ નિમિત્તે લાખો ભક્તોનું તથા શ્રદ્ધાળુ લોકોનો માનવ મહેરામણ દર્શનાર્થે ઉમટી પડ્યો હતો. જન્મોત્સવ નિમિત્તે હનુમાનદાદાનો મારૂતિયજ્ઞ ૧૧૧૧ તેલના ડબ્બાથી અભિષેક, બેન્ડયાત્રા સહિત જાજરમાન શોભાયાત્રા, ધજારોહણ કાર્યક્રમ, ૧૫૧ કિલોની કેક કાપી અને મંદિર તરફથી ચાર હજાર બુંદીનો પ્રસાદ, બપોરે ૧૦૮ દીવાની મહાઆરતી, ચાલીસ હજાર ભક્તો મોટ મહાપ્રસાદરૂપે ભોજનની વ્યવસ્થા તેમજ મંદિર તરફ જતા માર્ગ પર સાડાચાર લાખ ભક્તો દર્શનાર્થે આવી દાદાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. ભાવિક ભક્તોએ આંકડાની માળા, શ્રીફળ, પ્રસાદ ચડાવી પોતાની માનતાઓ સહિત મનોકામના પૂર્ણ કરવા કટીબદ્ધ બન્યા હતા. સવારથી મોડી રાત સુધી એકધારો માનવ મહેરામણ ઉમટતાં દાદાનુ ધામમાં ધામધૂમપૂર્વક ઉજવણીનો ભક્તિનો માહોલથી ભક્તજનો રંગમાં મશગુલ બન્યા હતા.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# એસટીના વિવિધ વિભાગોમાં ૨૮૨૮ એપ્રેન્ટિસ ભરતી થશે

**આઈટીઆઈ પાસેથી યાદી મંગાવી નિયમોનુસાર પ્રક્રિયા કરાશે : એપ્રેન્ટિસોની એપ્રિલ-ઓક્ટોબરમાં પસંદગી થશે**

ગાંધીનગર,તા.૩૧

રાજ્યના યુવાનોને તેમની શૈક્ષણિક લાયકાત અને આવડત પ્રમાણે રોજગારી ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે ગુજરાત એસ.ટી નિગમમાં વાહનોની મરામતની કામગીરી માટે વિવિધ વિભાગોમાં ૨૮૨૮ જેટલાં જુદા જુદા મિકેનીક ટ્રેડના ઉમેદવારોની તાલીમાર્થી એપ્રેન્ટિસ તરીકે ભરતી કરવામાં આવશે. જેનાથી તાલીમાર્થીઓને કારકીર્દી બનાવવાની ઉજ્જવળ તકો પ્રાપ્ત થશે. ગુજરાત એસટી નિગમના વાહનોના રોજિંદા મેઈન્ટેનન્સની તેમજ વાહનોના રીપેરીંગ અને મરામતની કામગીરી માટે જુદા-જુદા મીકેનીક ટ્રેડના ઉમેદવારોને તાલીમાર્થી એપ્રેન્ટિસ તરીકે તેમજ નિગમે નક્કી કરેલી ટેકનોલોજી જેવીકે, જીપીએસ, ઓનલાઈન બોકિંગ, આઈડીએમએસ, કોમ્પ્યુટરાઈઝડ કામગીરીને ધ્યાને લેતાં કેટલાંક વહીવટી ટ્રેડ જેવાકે, હિસાબી શાખા, આંકડા શાખા, ઈડીપી શાખામાં પણ તાલીમ આપી શકાય તેમ હોઈ, રાજ્ય સરકાર દ્વારા નિગમને મહેકમના ૧૦ટકા પ્રમાણે જુદા-જુદા ટ્રેડમાં તાલીમાર્થી એપ્રેન્ટિસની ભરતી માટે મંજુરી આપવામાં આવે છે. આ સંદર્ભે નજીકના સમયમાં શક્યત આઈટીઆઈ પાસેથી તાલીમાર્થીઓની યાદી મંગાવી નિયમોનુસારની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જુદી-જુદી લોકલ આઈટીઆઈના સંપર્કમાં રહી નામો મેળવી નિગમના જુદા-જુદા વિભાગો ખાતે વર્ષમાં બે વખત એપ્રિલ અને ઓક્ટોબર માસમાં તાલીમાર્થી એપ્રેન્ટિસોની પસંદગી કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમના જુદા જુદા વિભાગો ખાતે ૧૬ વિભાગીય વર્કશોપ તેમજ ૧૨૫ ડેપોના માધ્યમથી આશરે ૭૦૦૦ હજાર જેટલી બસો અને ૪૦ હજાર જેટલા કર્મચારીઓના માધ્યમથી સંચાલન કરવામાં આવી રહ્યું છે, તેમ એસટી નિગમ અમદાવાદની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# સેક્ટર-૩ એસ.એસ.વી. સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરની સેકટર-૩ સ્થિત એસએસવી શાળાના વાર્ષિકોત્સવ આજે સવારે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં નર્સરીથી ધો-૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સંજય પટેલ, દિપક મિસ્ત્રી, શૈલેષ રાજગોર, પૂર્વ સાંસદ પૂજાજી ઠાકોર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ બહેનોએ વિવિધ ગીત પર ડાન્સ રજુ કર્યો હતો. જયારે અન્ય વિદ્યાર્થીઓને પણ વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યો હતો.બાળકોનો અદ્ભુત ડાન્સ જોઈ સૌ કોઈએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા.




કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. જયારે શિક્ષણ જગતમાં સૌ પ્રથમવાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે નહીં પરંતુ માતાના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ ગીતો પર અદ્ભુત ડાન્સ રજુ કર્યો હતો. જયારે આજે હનુમાન જયંતિ હોવાથી શાળાના પ્રાંગણમાં મારુતિ યજ્ઞનું પણ સુંદર આયોજન કરાયું હતું.

શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત એસએસવી શાળાના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ટ્રસ્ટી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીએ ગણેશવંદના રજુ કરી હતી. ત્યારબાદ મહેમાનોનું શાળા પરિવાર દ્વારા પુષ્પગુંચ્છ આપી સ્વાગત કરાયું હતું.

જયારે પૂર્વ સાંસદ પૂજાજી ઠાકોર અને જયસિંહ ચૌહાણે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકતવ્ય પુરુ પાડ્યું હતું. જયારે શાળામાં અભ્યાસ કરતા નર્સરી, જુ.કેજી અને સિ.કેજીના વિદ્યાર્થીઓને વિવિધ પાંચ કેટેગરીમાં માતાના હસ્તે શિલ્ડ એનાયત કરાયા હતા.ધો-૧ થી ૮ વિદ્યાર્થી ભાઈ શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે ટાઉનહોલ મોટીસંખ્યામાં વિદ્યાર્થીના માતા-પિતા તેમજ પરિવારના સભ્યો હાજર રહેતા ટાઉનહોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. શાળાના વાર્ષિકોત્સવને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી. જયારે હનુમાન જયંતિ પ્રસંગે શાળા પરિવાર દ્વારા શાળાના પ્રાંગણમાં મારુતિ યજ્ઞનું સુંદર આયોજન કરાયું હતું ત્યારબાદ સૌ કોઈએ ભોજન પ્રસાદનો લાભ લઈ છુટા પડ્યા હતા.

## આજે સંસ્કાર ગૃપ દ્વારા બિસ્કીટ વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩૧

શહેરની સેવાકીય સંસ્થા સંસ્કાર ગૃપ તા.૧ એપ્રિલને રવિવારના રોજ સવારે ૭ થી ૯ કલાક દરમિયાન સેકટર-૧,૩, અને ૭ ના આસપાસના વિસ્તારમાં રહેતા નાના-બાળકોને બિસ્કીટનું વિતરણ કરવામાં આવશે.તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

# લીકેજ સિલિન્ડરો ઘરો સુધી ન પહોંચે તે માટે તીવ્ર માંગ

**ગેસ લીકેજના લીધે શહેર સહિત રાજયમાં છાશવારે આગ અને અકસ્માતની ઘટના બને છે ત્યારે પગલા લેવા જોઇએ**

ગાંધીનગર,તા. ૩૧

ગાંધીનગર શહેર સહિત રાજયભરમાં છાશવારે ગેસ લીકેજની ઘટનાઓને લઈ ફાટી નીકળતી આગ અને અકસ્માતના બનાવોની ગંભીરતાને લઈ હવે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ (અખિલ ભારતીય) દ્વારા આ સમગ્ર મામલાની ઝુંબેશ વધુ અસરકારક બનાવવામાં આવી છે. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ગેસલીકેજના કારણે આગ-અકસ્માતની દુર્ઘટનાઓ નિવારવા અને જનતાની ખાસ કરીને ગૃહિણીઓ-બાળકોની સુરક્ષા માટે લીકેજ હોય એવા સિલિન્ડર લોકોના રસોડા સુધી પહોંચતા અટકાવવા સરકાર સમક્ષ ઉગ્ર માંગણી કરી છે. સમિતિના પ્રમુખ મુકેશ પરીખે વિવિધ ઓઈલ કંપનીઓને પણ આવેદનપત્ર પાઠવીને આવા લિકેજ સિલિન્ડરો ગ્રાહકોના ઘરો સુધી નહી પહોંચાડવા અને સિલિન્ડરનું વજન અને તેનું ટેસ્ટીંગ કરીને જ ગ્રાહકોને આપવા મહત્વની માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ શહેરના ચંડોળા તળાવ પાસે ગેસ લિકેજના કારણે ૨૦૦થી વધુ ઝુંપડાઓ ધરાવતી આખી ઝુંપડપટ્ટી ભયાનક અને વિકરાળ આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી, જેમાં ત્રણથી વધુ લોકો દાઝયા હતા. આ અગાઉ પણ નારણપુરાના વરદાન ટાવરમાં ગેલ લિકેજના કારણે બેઝમેન્ટની દુકાનમાં લાગેલી આગમાં એક જ પરિવારના ચાર લોકો જીવતા ભડથું થઈ ગયા હતા. રાજયભરમાં છાશવારે ગેસ લિકેજના કારણે આ પ્રકારના આગ-અકસ્માતના બનાવો સર્જાતા રહે છે ત્યારે તેની ગંભીરતા ધ્યાનમાં લઈ ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર અને ગુજરાતના કનેક્શનધારક ગ્રાહકોને ઓઈલ કંપનીઓ અને ગેસ એજન્સીઓ આડેધડ લીકેજ ગેસના બાટલા સપ્લાય કરે છે. ગ્રાહકલક્ષી સરકારી પરિપત્રો અને નિયમો કાગળ ઉપર રહે છે.




## ચિલોડાના વિકાસ માટે એલઆઈસી દ્વારા ૫૦ હજારનો ચેક અર્પણ

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન મોટા ચિલોડા ગામને વિમાગ્રામ તરીકે જાહેર કરાયું છે. વિમા ગ્રામ તરીકે એલઆઈસી નાણાકીય વર્ષ વર્ષ ૨૦૧૪-૧૫માં ચિલોડા ગામના વિકાસ માટે રૂ.૭૫ હજાર મદદ કરી હતી. જયારે વર્ષ ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષમાં ગામના સરપંચ, ઉપસરપંચ,મંડળીના મંત્રી, તથા ગામના સભાસદો, એલઆઈસીના એજન્ટ મનીષ પ્રજાપતિના સચોટ માર્ગદર્શન હેઠળ રૂ.૫૦ હજારનો ચેક ગામના વિકાસ માટે ગામના સરપંચને અર્પણ કરાયો છે. આ કાર્યક્રમમાં એલઆઈસીના ડેવલપમેન્ટ ઓફિસર મનોજ પાત્રા, બ્રાન્ચ મેનેજર લેઉવાભાઈ, આસિન્ટન્ટ બ્રાન્ચ મેનેજર વ્યાસજી, ચિલોડા પોલીસ મથકના પીઆઈ એલ.ડી.વાઘેલા, ગામના અગ્રણી દિનેશભાઈ, નટુભાઈ, જયંતિભાઈ, જૈમિન સહિત ગામના સભાસદો અને મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોએ જીવન વિમાની પોલીસીના પ્રિમિયમો, નાગરીકોની સુરક્ષા રક્ષણ, આર્થિક બાબતો અંગે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. એલઆઈસી દ્વારા આગામી વર્ષે વધુ રકમનો ચેક ચિલોડા ગામના વિકાસ માટે મળે અને લોકભાગીદારીથી ગામના વિકાસને વધુ વેગ આપવા અનુરોધ કરાયો હતો.

# અમદાવાદના વેપારીની હત્યા કરવા ૫૦ લાખની સોપારી અપાઈ હતી

અમદાવાદ,તા. ૩૧

શહેરના વાસણા વિસ્તારમાં આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં થોડા દિવસો પહેલાં જ ધોળાદહાડે ફાયરીંગ કરી સુરેશ શાહ નામના ટ્રાન્સપોર્ટના વેપારીની કરપીણ હત્યા કરવાના ચકચારભર્યા કેસમાં શહેર ક્રાઈમબ્રાંચે વાસણા એપીએમસી પાસેથી આરોપી એલમખાન મુરીદખાન જતમલેક અને રફીક અબ્દુલભાઈ સુમરાની ધરપકડ કરી લીધી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં એવી ચોંકાવનારી માહિતીનો ખુલાસો થયો હતો કે, સુરેશભાઈની હત્યા માટે બંને આરોપીઓને રૂ.૫૦ લાખની સોપારી અપાઈ હતી. એટલું જ નહી, બંને આરોપીઓએ સુરેશભાઈની હત્યાનું કાવતરૂ પાર પાડતા પહેલાં કેટલાય દિવસો સુધી તેમની રેકી કરી હતી અને આખરે કેવી રીતે તેમને મોતને ઘાટ ઉતારવા તેનું પ્લાનીંગ કરી સમગ્ર ષડયંત્ર રચ્યું હતું. ક્રાઈમબ્રાંચની તપાસમાં આ હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો અને આરોપીઓની પૂછપરછમાં એવો ખુલાસો સામે આવ્યો હતો કે, આરોપી એલમખાન પાટડી તાલુકાના જેજરી ગામે ખેતીવાડીનો ધંધો કરતો હતો પરંતુ તેના મિત્ર રાજુ શેખવાને ટ્રાન્સપોર્ટના વેપારી સુરેશ શાહ સાથે મનદુઃખ થયેલું હતું. તેથી તેની અદાવતમાં રાજુ શેખવાએ વેપારી સુરેશ શાહની હત્યા માટે તેને રૂ.૫૦ લાખમાં સોપારી આપી હતી.

જેથી એલમખાને આ હત્યાના કાવતરામાં બાજુના ગામમાં રહેતા તેના મિત્ર રફીક સુમરાને બોલાવ્યો હતો અને સમગ્ર કાવતરૂં સમજાવ્યું હતું. રાજુ શેખવાએ આ હત્યા માટે એલમખાનને રૂ. પંદર લાખ એડવાન્સમાં અને બે દેશી તમંચા અને પિસ્ટલ પણ આપ્યા હતા. ક્રાઈમબ્રાંચની તપાસમાં બંને આરોપીઓનો ભૂતકાળ ગુનાહિત ઈતિહાસથી ખરડાયેલો હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસે આ હત્યા કેસમાં રાજુ શેખવા સહિત સંડોવણી ધરાવતા અન્ય આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.